001. હાલમાં USB ચાર્જરની જગ્યાએ મોબાઈલ રીચાર્જ કરવા વાયરલેસ મોબાઈલ ચાર્જર (wireless mobile charger) ઉપયોગમાં લેવાય છે, તે કયા સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે ?

(A) Kirchhoff's Law

(B) Bernoullis Principle

(C) Principle of Electromagnetic Induction

(D) Pascal Law

002. ડાર્ક ફાયબર "Dark fiber" શું છે ?

(A) સમુદ્રમાં સંદેશ વ્યવહાર માટે ગોઠવવામાં આવેલ કેબલ

(B) માલેશીયસ સોફ્ટવેર વાયરસ (Malicious software virus)

(C) કોમ્પ્યુટરના સર્ચ એંજીનમાં જોઈ શકાય નહી તેવી સાઈટ

(D) ફાયબર ઓપ્ટીક સંચાર વ્યવસ્થામાં ઉપયોગી થઈ શકે તેવી બિન ઉપયોગમાં લેવાયેલ ઓપ્ટીકલ ફાયબર (optical fiber)

003. Aedes aegypti mosquito એડિસ ઈજિપ્તી મચ્છર નીચેના પૈકી કોનો ફેલાવો કરે છે ?

1. ચીકન ગુનીયા (Chikungunya)

2. યલો ફિવર (Yellow fever)

3. મલેરીયા (Malaria)

4. ટાયફોઈડ (Typhoid)

(A) 1 અને 3 (B) 1 અને 4 (C) 1 અને 2 (D) 1, 2, 3 અને 4

004. ડેસીબલ (Decibel) એ શાની માપણી કરવા માટે વપરાય છે ?

(A) પ્રકાશની ગતિ માપવા (speed of light)

(B) રેડીયો વેવની ફ્રિક્વન્સી માપવા (radiowave frequency)

(C) અવાજની તિવ્રતા માપવા (intensity of sound)

(D) ગરમી માપવા (heat measurement)

005. એક ફેટોમ "one fathom" એટલે ...

(A) 6 ફુટ (B) 6 મીટર

(C) 6 સેન્ટી મીટર (D) 6 કિલો મીટર

006. વૉશીંગ સોડાનું સામાન્ય નામ શું છે ?

(A) સોડીયમ કાર્બોનેટ (sodium carbonate)

(B) કેલ્શીયમ બાયકાર્બોનેટ (calcium bicarbonate)

(C) સોડીયમ બાયકાર્બોનેટ (sodium bicarbonate)

(D) કેલ્શીયમ કાર્બોનેટ (calcium carbonate)

007. નીચેના પૈકી કોનો ઉપયોગ ઊંજણ (લુબ્રિકન્ટ) તરીકે થાય છે ?

(A) ગ્રેફાઈટ (graphite)
(B) સીલીકા (silica)
(C) આર્યન ઓક્સાઈડ (iron oxide)
(D) હીરો (diamond)

008. X-rayની વેવલેંથ કેટલા ઓર્ડરની હોય છે ? (The wavelength of X-ray is of the order of)

(A) 10 માયક્રોન (10 micron)
(B) 1 એંગસ્ટ્રોમ (1 angstrom)
(C) 1 સે.મી. (1 cm)
(D) 1 મીટર (1 m)

009. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) ની પ્રથમ મહીલા અધિકારી કોણ છે, જેઓને બીજા દેશમાં પ્રોજેક્ટની કામગીરી આપવામાં આવેલ છે ?

(A) પુનીતા અરોરા
(B) મીતાલી મધુમતી
(C) સુરભી જાખમોલા
(D) પ્રીયા સેમવા

010. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા માર્ગ સલામતી સપ્તાહ કયા માસમાં આયોજીત કરવામાં આવે છે ?

(A) નવેમ્બર
(B) ડીસેમ્બર
(C) જાન્યુઆરી
(D) ફેબ્રુઆરી

011. હાલમાં ભારતે કયા દેશ સાથે ઑઈલ અને ગેસ ક્ષેત્ર માટે સહકાર આપવાના કરાર કરેલ છે ?

(A) ગુયાના (Guyana)
(B) ન્યુઝીલેન્ડ (New Zealand)
(C) માલદીવ (Maldives)
(D) જર્મની (Germany)

012. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ 2023 (Henley Passport Index 2023) મુજબ કયા દેશનો પાસપોર્ટ સૌથી વધારે સશક્ત (powerful) પાસપોર્ટ ગણાય છે ?

(A) યુ.એસ.એ. (USA)
(B) જાપાન (Japan)
(C) યુ.કે. (UK)
(D) ભારત (India)

013. Integrated Food Security Schemeનું નવું નામ શું છે ?

(A) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY)
(B) પ્રધાનમંત્રી અંત્યોદય અન્ન યોજના
(C) પ્રધાનમંત્રી અન્ન રક્ષા યોજના
(D) પ્રધાનમંત્રી વિકાસ યોજના

014. "Year of Enterprises Project" કયા રાજ્યની અગ્રગણ્ય યોજના છે ?

(A) પંજાબ
(B) ઓડિશા
(C) મહારાષ્ટ્ર
(D) કેરળા

015. ટાટા પાવર દ્વારા ગૃહ મંડળીઓ માટે, સૌપ્રથમ સોલાર પ્લાન્ટ કયા શહેરમાં સ્થાપવામાં આવેલ છે ?

(A) વડનગર
(B) મોઢેરા
(C) મુંબઈ
(D) ભોપાલ

016. દુનિયાનું સૌથી લાંબુ એમવી ગંગા વિલાસ ક્રૂઝ (MV Ganga Vilas Cruise) એ કયા સ્થળે પોતાનો પ્રવાસ પૂર્ણ કરેલ છે ?

(A) પટના (B) કોલકત્તા (C) દિબ્રુગઢ (D) ગૌહતી

017. હાલમાં ભારત દ્વારા શોર્ટ-રેંજ (short range) બેલાસ્ટીક મિસાઈલ છોડવામાં આવેલ છે, તેનું શું નામ છે ?

(A) પૃથ્વી - II (2)
(B) અગ્નિ - V (5)
(C) વિકાસ - II (2)
(D) ભીમ - I (1)

018. Hugo Lloris, કે જેઓએ હાલમાં આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ લીધેલ છે, તેઓ કયા દેશ માટે રમતા હતા ?

(A) આર્જેન્ટીના (Argentina)
(B) બ્રાઝિલ (Brazil)
(C) ફ્રાન્સ (France)
(D) જર્મની (Germany)

019. હાલમાં ફાસ્ટ પેટ્રોલ વેહીકલ (FPV) "કમલા દેવી" કે જે ઈન્ડીયન કોસ્ટ ગાર્ડને આપવામાં આવેલ છે, તે કોણે બનાવેલ છે ?

(A) મઝગાવ ડૉક
(B) કોચીન શીપયાર્ડ
(C) મિશ્ર ધાતુ નિગમ
(D) ગાર્ડન રીચ શીપ બીલ્ડર એન્ડ એંજીનીયર બીમી

020. સેન્ટ્રલાઈઝ્ડ રીસીપ્ટ એન્ડ પ્રોસેસીંગ સેંટર (CRPC) અને ઈન્ટીગ્રેટેડ ઑમ્બડ્સમેન સ્કીમ (Integrated Ombudsman Scheme) સરકારની કઈ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે ?

(A) ડિજીટલ ઈન્ડિયા
(B) મેક ઈન ઈન્ડિયા
(C) પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના
(D) પ્રધાનમંત્રી જનધન યોજના

021. હૉસ્પીટલની કાર્યક્ષમતા ચકાસવા અને ગ્રેડ આપવા માટે અને "AB-PM-JAY"ની સેવાઓ વધારે સારી રીતે આપવા કઈ સંસ્થાએ નવી કાર્યપ્રણાલી શરૂ કરેલ છે ?

(A) નીતિ આયોગ
(B) નેશનલ હેલ્થ ઑથોરીટી (NHA)
(C) નેશનલ સ્ટેટીસટીકલ ઑફીસ (NSO)
(D) ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન (IMA)

022. ગ્લોબલ રિસ્ક રીપોર્ટ 2023 (Global Risk Report 2023) કોણે પ્રસિદ્ધ કરેલ છે ?

(A) IMF
(B) વર્લ્ડ બેંક (World Bank)
(C) એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)
(D) વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)

023. સમુદ્રયાન મિશન (Samudrayaan Mission) હેઠળ ત્રણ ભારતીયોને કેટલા મીટર દરિયામાં નીચે મોકલવામાં આવનાર છે ?

(A) 4000 મીટર (B) 5000 મીટર (C) 6000 મીટર (D) 7000 મીટર

024. CPCB ના અહેવાલ મુજબ વર્ષ 2022માં સૌથી વધારે પ્રદુષિત (polluted) શહેર કયું છે ?

(A) ગાઝીયાબાદ (B) અમદાવાદ (C) દિલ્હી (D) પટના

025. **Food Price Index (FFPI) કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?**

(A) UNICEF
(B) FAO
(C) IMF
(D) વર્લ્ડ બેંક

026. **2011ની વસ્તી ગણતરી મુજબ નીચેના શહેરો પૈકી કયા શહેરો, વધુ વસ્તીમાં પ્રથમ અને બીજું સ્થાન ધરાવે છે ?**

1. મુંબઈ 2. બેંગલોર 3. કોલકત્તા 4. દિલ્હી 5. ચેન્નાઈ 6. અમદાવાદ

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1 અને 4
(D) 5 અને 6

027. **નીચેના પૈકી કયો વિસ્તાર કેન્દ્રશાસિત પ્રદેશ નથી ?**

(A) જમ્મુ અને કાશ્મિર
(B) લદાખ
(C) લક્ષદ્વિપ
(D) સિક્કિમ

028. **નીચેના વાક્યો ચકાસો :**

1. ભૌતિક ભૂગોળની મુખ્ય પાંચ પેટા શાખાઓ છે.
2. માનવ ભૂગોળમાં સાંસ્કૃતિક ભૂગોળ, ગ્રામિણ ભૂગોળ, આર્થિક ભૂગોળ વગેરેનો સમાવેશ થાય છે.
3. જૈવિક ભૂગોળમાં પ્રાણી ભૂગોળ, પરિસ્થિતિકી ભૂગોળ, પર્યાવરણ ભૂગોળ વગેરેનો સમાવેશ થાય છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

029. **નીચેના વાક્યો ચકાસો :**

1. પૂર્વથી પશ્ચિમ તરફ વહીને અરબી સમુદ્રને મળતી નર્મદા અને તાપી નદી વિંધ્યાચલ અને સાતપૂડા પર્વતશ્રેણીમાંથી વહે છે.
2. પશ્ચિમ ઘાટ સળંગ છે જ્યારે પૂર્વ ઘાટ તૂટક-તૂટક છે. આ પ્રદેશ જ્વાળામુખીથી બનેલ હોવાથી ખનીજો વિપુલ પ્રમાણમા મળી આવે છે.

(A) 1 અને 2 યોગ્ય નથી.
(B) 1 અને 2 યોગ્ય છે.
(C) માત્ર 1 યોગ્ય છે.
(D) માત્ર 2 યોગ્ય છે.

030. **ભારતના બંદરો (Port) અને રાજ્યોને જોડો :**

| | |
|---|---|
| 1. દીનદયાળ પોર્ટ | a. તામિલનાડુ |
| 2. કોચી | b. ઓડિશા |
| 3. પારાદીપ | c. કેરળ |
| 4. તુતીકોરીન | d. ગુજરાત |

(A) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(B) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(D) 1 - c, 2 - b, 3 - a, 4 - d

031. પાણીનો બંધ (DAM) અને રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?
(A) તુંગભદ્રા ડેમ (Tungabhadra Dam) – કર્ણાટક
(B) કોયના ડેમ (Koyna Dam) – મહારાષ્ટ્ર
(C) મેતુર ડેમ (Mettur Dam) – મધ્ય પ્રદેશ
(D) હિરાકુંડ ડેમ (Hirakund Dam) – ઓડિશા

032. નીચે જણાવેલ અનુસૂચિત જાતિઓ અને મુખ્યત્વે, તે જે રાજ્યમાં છે, તેની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?
(A) આંધ્રપ્રદેશ – બગાટા (Bagata), ગોન્ડ (Gond)
(B) અરૂણાચલ પ્રદેશ – આક (Aka), ગેલો (Galo)
(C) આસામ – ખોવા (Khowa), મોબા (Momba)
(D) બિહાર – બાઈગા (Baiga), ગોરીયાટ (Gorait)

033. રાજ્ય અને રાજધાનીઓને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. અરૂણાચલ પ્રદેશ | a. ઈટાનગર |
| 2. કેરળ | b. તિરૂવનંતપુરમ્ |
| 3. મણિપુર | c. ઈમ્ફાલ |
| 4. મેઘાલય | d. શિલોંગ |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

034. એરપોર્ટ અને રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?
1. મનોહર પનીકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ – ગોવા
2. કેમ્પી ગોવડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ – કર્ણાટક
3. કન્નુર ઈન્ટરનેશનલ એરપોર્ટ – કેરળ
4. લાલબહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ – મધ્ય પ્રદેશ
(A) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
(B) માત્ર 1, 2 અને 4 યોગ્ય છે.
(C) માત્ર 1, 2 અને 3 યોગ્ય છે.
(D) માત્ર 2, 3 અને 4 યોગ્ય છે.

035. નીચેના પૈકી કઈ હિમનદીઓ (glaciers) ઉત્તરાખંડમાં આવેલ છે ?
1. નંદાદેવી (Nanda Devi) ગ્લેશિયર
2. ન્યુબરા (Nubra) ગ્લેશિયર
3. ઝેમુ (Zemu) ગ્લેશિયર
4. બંદારપુંચ (Bandarpunch) ગ્લેશિયર
(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1 અને 4
(D) માત્ર 1, 3 અને 4

036. બ્રહ્મપુત્રા નદીમાં ભારતમાં ઘણું પૂર આવે છે પરંતુ તિબેટ (Tibet)માં આ પ્રશ્ન ઉદ્ભવતો નથી.

1. તિબેટમાં પ્રમાણમાં વરસાદ નહીવત્ છે જ્યારે બ્રહ્મપુત્રા નદીના વિસ્તારમાં, ભારતમાં ઘણો વરસાદ છે.

2. બ્રહ્મપુત્રા નદીના પ્રવાહને કારણે નદીમાં ઘણી જમીન ધસી પડે છે અને તેના કારણે નદીમાં પાણીનું સ્તર ઉંચું રહે છે, વિસ્તારમાં થતું જમીનનું ધોવાણ પણ પૂરની શક્યતા વધારે છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

037. "ઉમલીંગ લા ઘાટ" (Umling La Pass) કે જે સતત સમાચારમાં રહે છે તે કઈ જગ્યાએ આવેલ છે ?

(A) સિક્કિમ
(B) હિમાચલ પ્રદેશ
(C) લડાખ
(D) ઉત્તરાખંડ

038. "ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા; એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા !"

"અભિજ્ઞાન" ખંડકાવ્યમાંથી લેવામાં આવેલી ઉપરોક્ત પંક્તિના લેખક કોણ છે ?

(A) મણિશંકર રત્નજી ભટ્ટ
(B) બ. ક. ઠાકોર
(C) ઉમાશંકર જોષી
(D) ચિનુ મોદી

039. ગુજરાતના લેખકો અને તેઓના ઉપનામને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. રામનારાયણ વિ. પાઠક | a. સ્વૈરવિહારી |
| 2. ચિનુભાઈ મોદી | b. ઈર્શાદ |
| 3. બળવંતરાય ઠાકોર | c. સેહની |
| 4. મણિશંકર ભટ્ટ | d. કાન્ત |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

040. મહાન હિન્દી લેખકો અને તેઓની કૃતિને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. પ્રેમચંદ | a. કાશી કી અસ્સી |
| 2. હરિવંશરાય બચ્ચન | b. યામા |
| 3. મહાદેવી વર્મા | c. મધુશાલા |
| 4. કાશીનાથ સિંહ | d. નિર્મલા |

(A) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

041. ચિત્રકળા અને તેના સ્થળ / રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) પટ્ટચિત્ર આર્ટ (Patachitra Art) – ઓડિશા

(B) મધુબની પેઈન્ટીંગ (Madhubani Paintings) – બિહાર

(C) કલમકારી પેઈન્ટીંગ (Kalamkari Painting) – આંધ્રપ્રદેશ

(D) વરલી આર્ટ (Warli Art) – રાજસ્થાન

042. લોક નૃત્ય અને સંબંધીત રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) વિલાસીની નાટ્યમ્, લમ્બાડી (Lambadi) – આંધ્રપ્રદેશ

(B) નટપુજા, જુમરૂ હોબજાનાઈ (Hobjanai) – આસામ

(C) ફાગ, લુર (Loor) – બિહાર

(D) કાથી (Kathi), દલ્લી (Dhali) – પશ્ચિમ બંગાળ

043. ભારતની પ્રખ્યાત સાડીઓ અને સબંધિત રાજ્યને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. કાંઝીવરમ સાડી | a. ઉત્તર પ્રદેશ |
| 2. બાંધણી સાડી | b. પશ્ચિમ બંગાળ |
| 3. તંત (Tant) સાડી | c. ગુજરાત |
| 4. ચીકનકારી સાડી | d. તામિલનાડુ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

044. ભારતના બગીચાઓ અને રાજ્યોની કઈ જોડી યોગ્ય નથી ?

(A) આચાર્ય જગદીશચંદ્ર બોઝ ઈન્ડીયન બોટેનીકલ ગાર્ડન – પશ્ચિમ બંગાળ

(B) વૃંદાવન ગાર્ડન – ઉત્તર પ્રદેશ

(C) ચુંબાટીયા (Chaubatia Garden) ગાર્ડન – ઉત્તરાખંડ

(D) લાલબાઘ (Lalbagh) – કર્ણાટક

045. અંગ્રેજી ભાષામાં લખનાર ભારતીય લેખકો અને તેઓની કૃતિની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) R. K. Narayan – Delhi is Not Far

(B) Mulk Raj Anand – The Village

(C) Khushwant Singh – Train to Pakistan

(D) Manohar Malgonkar – Spy in Amber

[Contd.

046. નીચેના વાક્યો ચકાસો :

1. પંડિત ભીમસેન જોષી પોતાના ગુરૂ સવાઈ ગાંધર્વની યાદમાં "સવાઈ ગાંધર્વ સંગીત મહોત્સવ"નું આયોજન કરતા હતા.

2. પંડિત ભીમસેન જોષી ગંગુબાઈ હંગલના સમકાલીન હતા.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

047. ભારતના અણુ મથકો અને સબંધિત રાજ્યોની જોડીઓ ચકાસો :

1. તારાપુર એટોમિક પાવર સ્ટેશન – ગુજરાત

2. કાઈગા (Kaiga) એટોમિક પાવર સ્ટેશન – કર્ણાટક

3. નરોરા એટોમિક પાવર સ્ટેશન – ઉત્તર પ્રદેશ

4. કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન – મહારાષ્ટ્ર

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 3 અને 4 યોગ્ય છે.
(D) માત્ર 1 અને 4 યોગ્ય છે.

048. નીચેના પૈકી કયા સ્થાનને UNESCOની World Heritage Sites ની યાદીમાં સ્થાન મળેલ નથી ?

(A) આગ્રાનો કિલ્લો (Agra Fort)
(B) અજંતાની ગુફાઓ (Ajanta Caves)
(C) છત્રપતિ શિવાજી મહારાજ ટર્મીનસ (વિક્ટોરીયા ટર્મીનસ) - મુંબઈ
(D) લક્ષ્મી વિલાસ પેલેસ - વડોદરા

049. ભારતના મંદિરો અને રાજ્યોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) બદ્રીનાથ મંદિર – ઉત્તરાખંડ
(B) કોણાર્કનું સૂર્ય મંદિર – કેરળ
(C) બૃહદેશ્વર મંદિર – તામિલનાડુ
(D) સિધ્ધિ વિનાયક મંદિર – મહારાષ્ટ્ર

050. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં "યવનપ્રિયા" (Yavanapriya) કોના સંદર્ભમાં ઉપયોગમાં લેવામાં આવતું હતું ?

(A) ભારત બહારની યવન પ્રજાતિ
(B) હાથીદાંત (Ivory)
(C) નાચ કરનારની મુગ્ધા
(D) મરી (Pepper)

051. નીચેના વાક્યો ચકાસો.

1. સંસદની રચના અંગેની જોગવાઈ ભારતના બંધારણની કલમ 89 પ્રકરણ 3માં કરવામાં આવેલી છે.

2. રાજ્યસભાની રચનાની જોગવાઈ કલમ 82માં દર્શાવેલ છે.

3. લોકસભાની રચનાની જોગવાઈ કલમ 83માં દર્શાવેલ છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) 1, 2 અને 3 અયોગ્ય છે.
(C) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(D) માત્ર 2 અને 3 યોગ્ય છે.

052. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના બંધારણની કલમ 74 મુજબ અમુક સજા મુલતવી રાખવા તેમાંથી મુક્તિ આપવાની, ઘટાડવાની અથવા માફી આપવાની સત્તા માન. રાષ્ટ્રપતિની છે.

2. બંધારણની કલમ 123 મુજબ સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે વટહુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા માન. રાષ્ટ્રપતિની છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

053. નીચેના વાક્યો ચકાસો.

1. ઉચ્ચતમ ન્યાયાલયોની સ્થાપના અને રચના અંગેની જોગવાઈ સંવિધાનની કલમ 124માં દર્શાવેલ છે.

2. કલમ 130માં, ઉચ્ચતમ ન્યાયાલય રેકર્ડ ન્યાયાલય રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

054. નીચેના વાક્યો ચકાસો.

1. બંધારણની કલમ "243ड" (243-K) હેઠળ પંચાયતોની ચૂંટણી માટેની જવાબદારી "રાજ્ય ચૂંટણી કમિશનમાં નિહિત થાય છે."

2. સંસદ અને વિધાન મંડળની ચૂંટણીઓના દેખરેખ, દોરવણી અને નિયંત્રણ બંધારણની કલમ 324 હેઠળ ચૂંટણી આયોગમાં નિહિત થાય છે.

(A) 1 યોગ્ય છે.
(B) 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય નથી.
(D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

055. બંધારણની જોગવાઈ અને કલમને યોગ્ય રીતે ગોઠવો.

| જોગવાઈ | સબંધિત જોગવાઈની કલમ |
|---|---|
| 1. લોકસેવા આયોગના સભ્યોની નિમણૂંક | a. 316 |
| 2. લોકસેવા આયોગના કાર્યો | b. 320 |
| 3. લોકસેવા આયોગનું ખર્ચ | c. 323 |
| 4. લોકસેવા આયોગના સભ્યોના હોદ્દાઓ ધરાવવા પર પ્રતિબંધ | d. 319 |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

056. નીચેના વાક્યો ચકાસો.

1. કેન્દ્રીય સતર્કતા આયોગ (Central Vigilance Commission) કાયદા હેઠળ સ્થાપવામાં આવેલ સંસ્થા છે.

2. આ આયોગમાં અધ્યક્ષ ઉપરાંત અન્ય ચાર સભ્યોનો સમાવેશ થાય છે.

3. ભારત સરકારે આ સંસ્થાને "પબ્લિક ઈન્ટરેસ્ટ ડિસક્લોઝર" માટે "નિયુક્ત એજન્સી" જાહેર કરેલ છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધાજ યોગ્ય છે.

057. નીચેના વાક્યો ચકાસો.

1. માહિતીનો અધિકાર અધિનિયમ 2007 કહેવામાં આવે છે.

2. સામાન્ય રીતે કેન્દ્રીય માહિતી પંચમાં અધ્યક્ષ ઉપરાંત મહત્તમ 12 સભ્યો હોય છે.

3. કેન્દ્રીય માહિતી પંચના માહિતી કમિશ્નર અને સભ્યોની નિમણૂંક માન. કાયદા મંત્રીશ્રી કરે છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધાજ યોગ્ય નથી.

058. નીચેના વાક્યો ચકાસો.

1. લોકપાલ અને લોકાયુક્તનો ખરડો માન. રાષ્ટ્રપતિએ 1 જાન્યુઆરી 2014ના રોજ મંજૂર કરેલ હતો અને 16 જાન્યુઆ 2014થી આ કાયદાનો અમલ શરૂ થયેલ હતો.

2. લોકપાલ કેન્દ્ર કક્ષાએ કાર્યવંત છે અને તેમા અધ્યક્ષ ઉપરાંત મહત્તમ આઠ (8) સભ્યો હોય છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય નથી.
(D) 1 અને 2 બન્ને યોગ્ય છે.

059. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના નાણા આયોગની રચના ભારતના સંવિધાનની કલમ 280 હેઠળ કરવામાં આવે છે અને તેમાં અધ્યક્ષ ઉપરાંત ચા સભ્યો હોય છે.

2. નાણાકીય પરિસ્થિતિની પુનઃવિચારણા કરવા, પંચાયત માટેના નાણા આયોગની રચના સંવિધાનની કલ 243 (ટ) (243 (I)) હેઠળ, માન. રાજ્યપાલશ્રી કરે છે.

(A) 1 અને 2 યોગ્ય નથી.
(B) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(C) માત્ર 1 યોગ્ય છે.
(D) માત્ર 2 યોગ્ય છે.

060. નીચેના વાક્યો ચકાસો.

1. 15 માર્ચ 1950 ના રોજ કેબિનેટના ઠરાવથી આયોજન પંચની રચના કરવામાં આવેલ હતી.

2. આયોજન પંચની જગ્યાએ સને 2015માં કેબિનેટના ઠરાવથી નીતિ આયોગની રચના કરવામાં આવેલ છે.

(A) 1 અને 2 યોગ્ય નથી.
(B) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(C) માત્ર 1 યોગ્ય છે.
(D) માત્ર 2 યોગ્ય છે.

061. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતમાં એટર્ની જનરલ તરીખે નીમવા માટેની જોગવાઈ બંધારણની કલમ 76મા દર્શાવેલ છે.

2. એટર્ની જનરલ માત્ર નામ. ઉચ્ચતમ ન્યાયાલયમાં સુનાવણી કરી શકે છે.

3. એટર્ની જનરલની નિયુક્તિ કાયદા મંત્રીશ્રી કરે છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(C) 1, 2 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધાજ યોગ્ય નથી.

**C**

062. ખાલી જગ્યા પુરો.

195, 383, 575, 763, 955, ..........

(A) 1043
(B) 1143
(C) 1183
(D) 1213

063. SCD, TEF, UGH, .........., WKL ખાલી જગ્યા પુરો.

(A) CMN
(B) UJI
(C) VIJ
(D) IJT

064. એક વેપારી પાસે 1000 કીલોગ્રામ ખાંડ છે. તે પૈકી A જથ્થો 8% નફાથી અને B જથ્થો 18% નફાથી વહેંચે છે અને તે નફો 14% થાય છે. જેમા તેને 18% નફો મળેલ છે તે કેટલા કીલોગ્રામ હશે ?

(A) 400 કીલોગ્રામ
(B) 500 કીલોગ્રામ
(C) 600 કીલોગ્રામ
(D) 700 કીલોગ્રામ

065. એક ટાંકી ભરવામાં કુલ 36 મિનીટનો સમય લાગે છે જ્યારે તેના બન્ને પાઈપ ચાલુ કરવામાં આવે છે. પ્રથમ પાઈપમાં પાણી આવે છે તેના કરતા ત્રણ ગણા ઝડપથી બીજા પાઈપનું પાણી આવે છે. જો માત્ર પ્રથમ પાઈપ ખોલવામાં આવે તો કેટલા સમયમાં ભરાશે ?

(A) 81 મિનીટ
(B) 108 મિનીટ
(C) 144 મિનીટ
(D) 192 મિનીટ


066.

| | | |
|---|---|---|
| 6 | 2 | 17 |
| 1 | 4 | 11 |
| 3 | 7 | X |

X નું મુલ્ય કેટલું હશે ?

(A) 16
(B) 19
(C) 21
(D) 23

067.




(W) નું મુલ્ય કેટલું હશે ?

(A) 14
(B) 15
(C) 16
(D) 17

068.

| | | |
|---|---|---|
| G | B | C |
| H | F | H |
| A | D | X |

X નું મુલ્ય કેટલું હશે ?

(A) D (B) E (C) F (D) G

069. CMM, EOO, GQQ, ........, KUU ખાલી જગ્યા પુરો.


(A) GRR (B) GSS (C) ISS (D) ITT

070. ખાલી જગ્યામાં તારીખ કઈ હશે ?

4-12-1995, 1-1-1996, 29-1-1996, 26-2-1996, ..........

(A) 24-3-1996 (B) 25-3-1996 (C) 26-3-1996 (D) 27-3-1996


071.




ત્રિકોણમાં બાળકીઓ છે, ચોરસમાં રમતવીરો છે, અને ગોળાકારમાં શિક્ષકો છે. આ સંજોગોમાં બાળકી અને રમતવીર છે પણ શિક્ષક નથી. એ કોણ છે ?

(A) A (B) B (C) C (D) D

072.




X નું મુલ્ય કેટલું હશે ?

(A) 4 (B) 25 (C) 16 (D) 36

073. P નું મુલ્ય = (40% of A) + (65% of B), Q નું મુલ્ય = (50% of A) + (50% of B) Aનું મુલ્ય B કરતા વધારે છે. આ સંજોગોમાં નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય છે ?

(A) P નું મુલ્ય Q કરતાં વધારે છે.

(B) Q નું મુલ્ય P કરતા વધારે છે.

(C) P અને Q નું મુલ્ય સમાન છે.

(D) A, B, C અંગેના કોઈ પણ વાક્ય અંગે નિર્ણય લઈ શકાય તેમ નથી.

074. પાંચ વર્ષ પહેલા, પાંચ બાળકોની ઉમરનો સરવાળો 50 વર્ષ હતો. આ સંજોગોમાં પાંચ વર્ષ પછી આ બાળકોની સરેરાશ ઉ
કેટલી હશે ?

(A) 15 વર્ષ (B) 20 વર્ષ (C) 25 વર્ષ (D) 30 વર્ષ

075. "Brute Force Acquisition" નો ઉપયોગ કયા સંજોગોમાં સામાન્ય રીતે થાય છે ?

(A) ખાનગી જમીનનુ સંપાદન
(B) મોબાઈ ફોનના પાસવર્ડ / પીન શોધવા
(C) નાણાની ગેરનીતિ શોધવા
(D) અવકાશમા અસામાન્ય પદાર્થો શોધવા

076. અનુવ્રતા (Anuvrata)ના સિધ્ધાંતો નીચેના પૈકી કોને લાગુ પડે છે ?

(A) મહાયાન બુધ્ધિઝમ (Mahayana Buddhism)
(B) હીનયાન બુધ્ધિઝમ (Hinayana Buddhism)
(C) જૈન ધર્મ (Jainism)
(D) લોકાયત્ત વિચારધારા (The Lokayata School)

077. નીચેના પૈકી કઈ નદીનો ઉલ્લેખ પ્રાચીન સાહિત્યમાં વધારે વખત કરવામાં આવેલો છે ?

(A) નર્મદા (B) સિંધુ (C) ગંગા (D) બ્રહ્મપુત્રા

078. ગુપ્તા સમયમાં નીચેના પૈકી કયા મહાનુભાવ "દવા" (Medicine) ક્ષેત્રમાં પ્રખ્યાત હતા ?

(A) સુમીલા (Saumilla)
(B) સુદ્રીકા (Sudrika)
(C) શૌનકા (Shaunaka)
(D) સુશ્રુત (Susrutha)

079. ગુપ્તા સમય દરમ્યાનની નટરાજની કાંસ્યની મૂર્તિના કેટલા હાથ દશ્યમાન થાય છે ?

(A) આંઠ (8) (B) છ (6) (C) ચાર (4) (D) બે (2)

080. કૃષ્ણ જીવન ઉપર લખવામાં આવેલી "પ્રેમ વાટિકા"ના લેખક કોણ છે ?

(A) બિહારી (B) સુરદાસ (C) રસખાન (D) કબીર

081. મુગલ સામ્રાજ્યમાં "બાબુલ મક્કા" (Babul Makka) તરીકે કયું સ્થળ પ્રખ્યાત હતું ?

(A) કાલીકટ (B) ભરૂચ (C) સુરત (D) ખંભાત

082. જંગલમાં રહેનાર લોકોને માનપૂર્વક "આદિવાસી લોકો" તરીકે ઓળખ કોણે આપી ?

(A) મહાત્મા ગાંધીજી
(B) ઠક્કર બાપા
(C) જ્યોતિબા ફુલે
(D) નરસિંહ મહેતા

083. મોડી ભાષા (Modi Script)નો ઉપયોગ દસ્તાવેજો લખવામાં કોના સમયમાં થતો હતો ?

(A) વડીયાર (Wodeyars)
(B) ઝેમોરીયમ (Zamorins)
(C) મરાઠા (Maratha)
(D) મોગલ

084. "અફઘાનિસ્તાન તરફ આગળની નીતિ" (Forward policy towards Afghanistan) કયા ગવર્નર જનરલ દ્વારા અપનાવવામાં આવેલી હતી ?

(A) મિન્ટો (Minto)
(B) ડફરીન (Dufferin)
(C) એલ્જીન (Elgin)
(D) લિટોન (Lytton)

085. ભારતમાં નીચે દર્શાવેલ રાજ્યને બ્રિટીશરોએ ખાલસા કરેલ હતા. તેઓને સમયના યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. ઝાંસી (Jhansi)

2. સંબલપુર (Sambalpur)

3. સતારા (Satara)

(A) 1, 2 અને 3
(B) 1, 3 અને 2
(C) 3, 2 અને 1
(D) 3, 1 અને 2

086. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કયા વર્ષમાં થયેલ હતી ?

(A) 1920
(B) 1925
(C) 1930
(D) 1947

087. ભારતમાં છેલ્લા દસ વર્ષમાં કયા ક્ષેત્રમાં (FDI) થયેલ છે ?

(A) રસાયણ (ફર્ટીલાઈઝર ક્ષેત્ર સિવાય) (Chemicals other than fertilizers)

(B) સેવાનું ક્ષેત્ર (Service Sector)

(C) ખાદ્ય પ્રક્રિયા (Food Processing)

(D) શિક્ષણ ક્ષેત્ર (Education)

088. ભારતના ચલણમાં સિક્કાની દશાંશ પધ્ધતિ કયા વર્ષમાં શરૂ કરવામાં આવેલી હતી ?

(A) 1947
(B) 1957
(C) 1967
(D) 1977

089. જ્યારે RBI દ્વારા "કેશ રીઝર્વ રેશીયો" (Cash Reserve Ratio) ઘટાડવામાં આવે છે ત્યારે કુલ શાખની મર્યાદા (Credit Creation) ઉપર શું અસર થાય છે ?

(A) શાખ મર્યાદા વધે છે.
(B) શાખ મર્યાદા ઘટે છે.
(C) શાખ મર્યાદા ઉપર કોઈ અસર થતી નથી.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

090. નીચેના વાક્યો ચકાસો :

1. મૂલ્ય એટલે વસ્તુ કે સેવાનું, અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય-મૂલ્ય, મૂલ્યને ઉપયોગિતા-મૂલ્ય અને વિનિમય મૂલ્યના રૂપમાં ગણત્રી કરવમાં આવે છે. (મૂલ્ય = Value)

2. કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલમાં ચૂકવાતા નાણાકિય એકમનું પ્રમાણ.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને અયોગ્ય છે.

091. નીચેના પૈકી બજારની કઈ વ્યાખ્યાઓ યોગ્ય છે ?

1. પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય વેચનાર અને અસંખ્ય ખરીદનારા હોય છે.

2. ઈજારા બજારમાં વેચનાર/ઉત્પાદક એક જ હોય છે અને અસંખ્ય ગ્રાહકો હોય છે.

3. ઈજારાયુક્ત હરીફાઈમાં મોટી સંખ્યામાં વેચનાર છે અને અસંખ્ય ગ્રાહકો છે.

4. અલ્પ હસ્તક ઈજારાના બજારમાં થોડાક વેચનારા અને અસંખ્ય ગ્રાહકો હોય છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.

(B) માત્ર 1, 2 અને 4 યોગ્ય છે.

(C) માત્ર 2, 3 અને 4 યોગ્ય છે.

(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

092. નીચેના વાક્યો ચકાસો :

1. પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં, વિદેશી રોકાણકર્તા, દેશના નાણા બજારમાં શેર, બૉન્ડમાં રોકાણ કરે છે.

2. વિદેશી સંસ્થાકિય મૂડીરોકાણમાં, રોકાણકાર ઉત્પાદન કે વેચાણના ક્ષેત્રમાં સીધુ જ મૂડી રોકાણ કરે છે.

(A) 1 અને 2 બંને યોગ્ય નથી.

(B) માત્ર 1 યોગ્ય છે.

(C) માત્ર 2 યોગ્ય છે.

(D) 1 અને 2 બંને યોગ્ય છે.

093. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) માં જ્યારે કોઈ દેશને વિકસતો દેશ (Developing Country) ગણવામાં આવે છે ત્યારે

1. WTO એગ્રીમેન્ટના અમલ માટે વધારે સમય મળે છે.

2. અન્ય દેશો પાસેથી "વિશેષ સવલતવાળુ" સ્થાન મળે છે.

3. શૂન્ય ડ્યુટી (Zero duty) અને શૂન્ય કોટા (Zero quota) નો નિકાસમાં લાભ મળે છે.

(A) માત્ર 1 અને 3 યોગ્ય છે.

(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.

(C) માત્ર 1 અને 2 યોગ્ય છે.

(D) 1, 2 અને 3 યોગ્ય છે.

094. નીચેના પૈકી કયું ખાતું, જાહેર ક્ષેત્રની બેંકો, નાણાકિય સંસ્થાઓ વગેરે માટે નીતિ વિષયક નિર્ણયો લે છે અને અગત્યની બાબતમાં / બાબતોમાં માર્ગદર્શન આપે છે.

(A) Department of Expenditure (DoE)

(B) Department of Industrial Policy and Promotion (DIPP)

(C) Department of Investment and Public Asset Management (DIPAM)

(D) Department of Financial Services (DFS)

095. નીચેના પૈકી બાબત "નોન-ટેરીફ મેઝર (Non-tariff Measure)" નથી ?

1. Import Licensing Procedure.

2. Technical Barriers to Trade.

3. Phytosanitary restrictions.

4. ઉપરોક્ત બધી જ બાબતો નોન-ટેરીફ મેઝર છે.

(A) માત્ર 1 મુજબ

(B) માત્ર 2 મુજબ

(C) માત્ર 3 મુજબ

(D) 4 મુજબ

096. ડીબેંચર હોલ્ડર (Debenture holder) એ કંપનીનો ....

(A) દેવાદાર છે.
(B) માલીક છે.
(C) ડીરેક્ટર છે.
(D) લેણદાર છે.

097. "આમુખ એ ભારતના સંવિધાનનો ભાગ છે. (Preamble is a part of Constitution)" એ વાક્ય કયા ચુકાદાથી નક્કી કરવામાં આવેલ હતું ?

(A) એ. કે. ગોપાલન કેસ (A. K. Gopalan case)
(B) શનકરી પ્રસાદ કેસ (Shankari Prasad case)
(C) ગોલકનાથ કેસ (Golaknath case)
(D) કેશવાનંદ ભારતી કેસ (Kesavananda Bharati case)

098. મૂળભૂત હક્કો અને સબંધિત કલમ (Fundamental Rights and Article)ની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| મૂળભૂત હક્ક | | કલમ |
|---|---|---|
| (A) વાણી સ્વાતંત્ર્ય વગેરે સબંધી અમુક હકોનું રક્ષણ | – | 18 |
| (B) જીવન અને શરીર સ્વાતંત્ર્યનું રક્ષણ | – | 21 |
| (C) કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ | – | 24 |
| (D) સંવિધાનમાંના હકોનો અમલ કરાવવા માટેના ઉપાયો | – | 32 |

099. મૂળભૂત ફરજો (Fundamental duties) સંદર્ભમાં નીચેના વાક્યો ચકાસો :

1. સંવિધાનના 46મા સુધારાથી આ ભાગ દાખલ કરવામાં આવેલ છે.
2. વૈજ્ઞાનિક માનસ, માનતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારાની ભાવના કેળવવાની આપણી મૂળભૂત ફરજ છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બંને યોગ્ય છે.
(D) 1 અને 2 બંને યોગ્ય નથી.

100. નીચેના વાક્યો ચકાસો :

1. રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો ભારતના બંધારણ - ભાગ-4માં દર્શાવેલ છે.
2. પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન અધિકાર છે.
3. ગ્રામ પંચાયતોની રચના અંગેની કાર્યવાહી કરી તેઓને જરૂરી સત્તા અને અધિકારો આપવાની જોગવાઈ ભારતના બંધારણની કલમ 41 માં જણાવેલ છે.

(A) માત્ર 1 અને 2 યોગ્ય છે.
(B) માત્ર 2 અને 3 યોગ્ય છે.
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધા જ યોગ્ય છે.